ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૧ તા. ૧૦.૦૪.૨૦૧૯

સોરઠ અને કાઠીયાવાડની ધરતી એ હરી અને હરની ભૂમિ છે.
સૌરાષ્ટ્રની ધરતી એ દાન, ધર્મ અને સંતોની તપસ્યાની ભૂમી છે. ગીરના સાવજ અને કેસર કેરીની ભૂમિ છે
– શ્રી નરેન્દ્રભાઇ મોદી

-----------

# દેશના નવયુવાનોને પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીનું આહવાન્

તમારો વોટ - સબળ ભારતના નિર્માણ માટે", "તમારો વોટ - સક્ષમ ભારતના નિર્માણ માટે",
"તમારો વોટ - શક્તિશાળી ભારતના નિર્માણ માટે" "તમારો વોટ - દેશની સેનાની સુરક્ષા માટે" અનિવાર્ય છે

-----------

ભાજપા અને એન.ડી.એ.ની સરકારે કરેલા કામોનો હિસાબ આજે ગુજરાતની જનતા સમક્ષ આપવા આવ્યો છું
– શ્રી નરેન્દ્રભાઇ મોદી

-----------

કોંગ્રેસ એ ભ્રષ્ટાચારનો પર્યાય બની ગઇ છે, ત્યારે તેમના ખાતામાં તુગલઘ રોડ ભ્રષ્ટાચારી ગોટાળાના નામથી ભ્રષ્ટાચારના વધુ એક કૌભાંડનો ઉમેરો થયો છે – શ્રી નરેન્દ્રભાઇ મોદી

-----------

કોંગ્રેસના મુખ્યમંત્રીશ્રીના સગાસંબંધીઓ અને તેઓના સૌથી અંગત કહેવાતાં કર્મચારીઓ પાસેથી નોટોના બંડલો ને બંડલો નિકળવા માંડ્યા છે. મધ્યપ્રદેશ તો એક માત્ર સેમ્પલ છે, કોંગ્રેસ માત્ર પૈસા લુંટવા માટે જ સત્તામાં આવે છે. મધ્યપ્રદેશ, રાજસ્થાન, છત્તીસગઢ તેમજ કર્ણાટક કોંગ્રેસના એટીએમ મશીન બની ગયા છે. – શ્રી નરેન્દ્રભાઇ મોદી

-----------

મોદી ગરીબી, ભ્રષ્ટાચાર અને આતંકવાદ હટાવવાની વાત કરે છે જ્યારે કોંગ્રેસ અને ગઠબંધન મોદી હટાવવાની વાત કરે છે. દેશની જનતા આવા મહામીલાવટી ઠગબંધનને ઓળખી ગઇ છે – શ્રી નરેન્દ્રભાઇ મોદી

-----------

શું તમે ઇચ્છો છો કે દેશમાં બે પ્રધાનમંત્રી હોય ? કાશ્મીર માટે બીજા વડાપ્રધાનની માંગણી કરનારાઓને કોંગ્રેસ ખુલ્લેઆમ ટેકો આપી શું સાબિત કરવા માંગે છે ? – શ્રી નરેન્દ્રભાઇ મોદી

-----------

ભાજપા પાસે સફળ સરકારનો ટ્રેક રેકોર્ડ છે જ્યારે કોંગ્રેસ પાસે માત્ર ઘસાયેલી ટેપ રેકર્ડ છે. ભાજપાના ટ્રેક રેકોર્ડમાં સૌનો સાથ સૌનો વિકાસની સાથે દેશની આર્થિક સમૃધ્ધિ અને સુરક્ષા છે જ્યારે કોંગ્રેસની ટેપ રેકર્ડમાં માત્ર મોદીને હટાવવા અને વોટબેંક માટે પોકળ વાયદાઓ અને ભ્રષ્ટાચાર સીવાય કંઇ જ વાગતું નથી
– શ્રી નરેન્દ્રભાઇ મોદી

-----------

આજરોજ ગુજરાતના પનોતાપુત્ર અને દુનિયામાં ભારત દેશનો ડંકો વગાડનાર એવા લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાત લોકસભા ચૂંટણીના પ્રથમ પ્રચાર પ્રવાસની શરૂઆત સૌરાષ્ટ્રના જુનાગઢ ખાતેથી કરી હતી.

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ જુનાગઢ ખાતે એક વિશાળ જનમેદનીને સંબોધતાં જણાવ્યું હતું કે, સોરઠ અને કાઠીયાવાડની ધરતી એ હરી અને હરની ભૂમિ છે. સૌરાષ્ટ્રની ધરતી એ દાન, ધર્મ અને સંતોની તપસ્યાની ભૂમી છે. ગીરના સાવજ અને કેસર કેરીની ભૂમિ છે. ૨૦૧૪ના લોકતંત્ર મહોત્સવમાં ગુજરાતની જનતાએ દેશની સેવા અર્થે જે જનાદેશ આપ્યો હતો તેમાં

..૨..

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



ભાજપા અને એન.ડી.એ.ની સરકારે કરેલા કામોનો હિસાબ આજે ગુજરાતની જનતા સમક્ષ આપવા આવ્યો છું. કેન્દ્રમાં ભાજપાની સરકાર ઉપર એકપણ ભ્રષ્ટાચારનો દાગ લાગેલ નથી.

પ્રધાનમંત્રીશ્રીએ જણાવ્યુ હતુ કે, કોંગ્રેસ એ ભ્રષ્ટાચારનો પર્યાય બની ગઇ છે, ત્યારે તેમના ખાતામાં તુગલઘ રોડ ભ્રષ્ટાચારી ગોટાળાના નામથી ભ્રષ્ટાચારના વધુ એક કૌભાંડનો ઉમેરો થયો છે. મધ્યપ્રદેશમાં સરકાર બન્યાંને માત્ર ૬ મહિના પણ નથી થયાંને કોંગ્રેસના મુખ્યમંત્રીશ્રીના સગાસંબંધીઓ અને તેઓના સૌથી અંગત કહેવાતાં કર્મચારીઓ પાસેથી નોટોના બંડલો ને બંડલો નિકળવા માંડ્યા છે. મધ્યપ્રદેશ તો એક માત્ર સેમ્પલ છે, આપસૌ એ વિચારવાનું છે કે, આ સેમ્પલમાં જો આવું થઇ શકતું હોય તો જો ભુલેચૂકે પણ દેશનું સુકાન કોંગ્રેસના હાથમાં આવે તો તેઓ દેશની શું હાલત કરે ? કોંગ્રેસે ગર્ભવતી મહિલાઓને અપાતી નાણાંકિય મદદના પૈસા પણ લૂંટી લીધા છે. ગરીબોનો કોળીયો ઝૂંટવીને નેતાઓના પેટ ભર્યા છે. કોંગ્રેસ માત્ર પૈસા લુંટવા માટે જ સત્તામાં આવે છે. મધ્યપ્રદેશ, રાજસ્થાન, છત્તીસગઢ તેમજ કર્ણાટક કોંગ્રેસના એટીએમ મશીન બની ગયા છે.

નહેરૂ-ગાંધી પરિવારે હંમેશાથી ગુજરાત અને ગુજરાતીઓ પ્રત્યે નફરત રાખી છે. તેઓએ ગુજરાતના પનોતા પુત્ર સરદાર સાહેબનું હંમેશા અપમાન અને અવગણના કરી હતી. જો સરદાર સાહેબ ન હોત તો આજે જુનાગઢ ક્યાં હોત, તેમના વિના સોમનાથ મંદિરનું પુનઃનિર્માણ અને આજનું અખંડ ભારત શક્ય ન બન્યુ હોત. સિધ્ધાંતોથી જીવવાવાળા મોરારજીભાઇ દેસાઇની સરકારને પણ કોંગ્રેસે તોડી નાંખી હતી. હવે આ લોકોને તકલીફ છે કે એક ચ્હાવાળો સળંગ પાંચ વર્ષ સફળતા પૂર્વક સરકાર કેવીરીતે ચલાવી શક્યો ?

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ જણાવ્યું હતું કે, જ્યારે પાડોશી દેશ આપણા પર આતંકી હુમલો કરે ત્યારે આપણે શું માત્ર જોતા રહેવું જોઇએ ? કે શું તેઓને આવા કૃત્ય સામે જડબાતોડ જવાબ આપવો જોઇએ? ભાજપા સરકારે ઉરી અને પુલવામા ઉપર થયેલા આતંકી હુમલાઓ બાદ સર્જીકલ સ્ટ્રાઇક અને એર સ્ટ્રાઇક કરી જડબાતોડ જવાબ આપ્યો છે. ભારતના આ જવાબથી કોંગ્રેસ તેના સબૂતો માંગે છે. ભૂતકાળમાં કોંગ્રેસ અને યુ.પી.એ.ના શાસનમાં થયેલા આતંકી હુમલાઓ સામે તેમણે કોઇ કાર્યવાહી કરી નહોતી જ્યારે આજે આપણે આતંકવાદીઓને આતંકીઓના અડ્ડાઓ ઉપર હુમલા કરી પાડોશીને પાઠ ભણાવીએ છીએ, મોદી ગરીબી, ભ્રષ્ટાચાર અને આતંકવાદ હટાવવાની વાત કરે છે જ્યારે કોંગ્રેસ અને ગઠબંધન મોદી હટાવવાની વાત કરે છે. દેશની જનતા આવા મહામીલાવટી ઠગબંધનને ઓળખી ગઇ છે. આ દેશની જનતા રાષ્ટ્રવાદને વરેલી છે અને એટલે જ ભાજપા સરકાર દ્વારા દેશહિત માટે કરવામાં આવેલી કાર્યવાહીને જનતાએ ગૌરવભેર સ્વીકારી છે.

પ્રધાનમંત્રીશ્રીએ જનતાને પુછ્યુ હતુ કે, શું તમે ઇચ્છો છો કે દેશમાં બે પ્રધાનમંત્રી હોય ? કાશ્મીર માટે બીજા વડાપ્રધાનની માંગણી કરનારાઓને કોંગ્રેસ ખુલ્લેઆમ ટેકો આપી શું સાબિત કરવા માંગે છે ?

કોંગ્રેસ અને ભાજપાની તુલના કરશો તો ભાજપા પાસે સફળ સરકારનો ટ્રેક રેકોર્ડ છે જ્યારે કોંગ્રેસ પાસે માત્ર ઘસાયેલી ટેપ રેકર્ડ છે. ભાજપાના ટ્રેક રેકોર્ડમાં સૌનો સાથ સૌનો વિકાસની સાથે દેશની આર્થિક સમૃધ્ધિ અને સુરક્ષા છે જ્યારે કોંગ્રેસની ટેપ રેકર્ડમાં માત્ર મોદીને હટાવવા અને વોટબેંક માટે પોકળ વાયદાઓ અને ભ્રષ્ટાચાર સીવાય કંઇ જ વાગતું નથી. ગુજરાતની શાણી અને સમજુ જનતાએ વર્ષો સુધી ગુજરાતને કોંગ્રેસથી બચાવ્યુ છે તેથી જ ગુજરાતનો વિકાસ આજે દેશમાં ઘણી ઉંચાઇ પર છે, હવે હિન્દુસ્તાનને કોંગ્રેસથી બચાવીને દુનિયામાં એક નવી ઉંચાઇ અપાવવાનું કાર્ય આપણે સૌએ કરવાનું છે.

પ્રધાનમંત્રીશ્રીએ જણાવ્યુ હતુ કે, ભૂતકાળમાં જ્યારે સૌરાષ્ટ્ર અને કાઠીયાવાડ પાણી વગર તરસ્યું હતું, ત્યારે કોંગ્રેસે વર્ષો સુધી ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા ડેમનું કામ અટકાવી રાખ્યુ હતું અને નર્મદા ડેમ ઉપર દરવાજા મૂકવાની પણ પરવાનગી ન આપીને ગુજરાતની જનતાને અન્યાય કર્યો હતો. કોંગ્રેસની ગોકળગાય ગતીએ જો ભાજપા સરકારે કામ કર્યું હોત તો આજે આપણો દેશ હજું ક્યાં હોત તેની કલ્પના કરવી પણ મુશ્કેલ છે. પાણીની ભવિષ્યની જરૂરીયાતોને ધ્યાનમાં રાખી આવનારી પેઢી માટે સુચારૂરૂપે પીવાનું અને સિંચાઇનું પાણી મળી રહે તેવા સુયોજન માટે દેશમાં પ્રથમવાર ભાજપા સરકાર દ્વારા જળશક્તિ મંત્રાલયનું ગઠન કરવામાં આવશે.

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




ભાજપાની સરકારે પ્રધાનમંત્રી ‘‘આયુષ્યમાન ભારત યોજના’’ થકી પાંચ લાખ રૂપિયાની સુધીની નિશુલ્ક સારવાર દેશના ૫૦ કરોડ લોકોને આપવાનું લક્ષ્ય નિર્ધાર કર્યુ છે. અત્યાર સુધી ૨૫ લાખ લોકો આ યોજનાનો લાભ લઇ ચૂક્યા છે. ઉજ્જવલા યોજના દ્વારા દેશની કરોડો ગરીબ મહિલાઓને ગેસ કનેક્શન આપવામાં આવ્યુ છે. મહિલાઓના સન્માન અને ગૌરવની રક્ષા માટે શૌચાલય અભિયાન દ્વારા ઘરે-ઘરે શૌચાલયોનું નિર્માણ કરવામાં આવ્યુ છે. દેશના તમામ ગામડાઓમાં વિજળીની સાથે વિકાસના ફળ પહોંચાડી સૌનો સાથ સૌના વિકાસના મંત્રને ચરિતાર્થ કરવામાં ભાજપા સફળ રહી છે.

પ્રધાનમંત્રીશ્રીએ જણાવ્યુ હતુ કે, જૂનાગઢ, સોમનાથ અને કચ્છનો વિકાસ થતાં કરોડો સહેલાણીઓ અને શ્રધ્ધાળુઓ અહીની મુલાકાતે આવી રહ્યા છે. જુનાગઢમાં ગીરના સિંહને જોવા લાખો ટુરીસ્ટો બુકીંગ કરાવે છે. જ્યારે સોમનાથદાદાના દર્શન કરવા એક કરોડથી વધુ શ્રધ્ધાળુઓ ઉમટી પડે છે. તેવી જ રીતે કચ્છના રણ જોવા માટે લાખો ટુરિસ્ટો દરવર્ષે આવતા હોય છે. એના થકી નાના રોજગારવાળાને રોજીરોટી મળી રહે છે. સ્ટેચ્યુ ઓફ યુનિટિના નિર્માણ દ્વારા શ્રી સરદાર પટેલની વિરાટ પ્રતિભાના દર્શન સમગ્ર દુનિયાને થયા છે.

ભારત સરકારે આ બજેટમાં માછીમારો માટે અગલ મંત્રાલય બનાવવાનું નક્કી કર્યુ છે. તેમના કલ્યાણ માટે જેમ કિસાન ક્રેડિટ કાર્ડ છે તેવું જ સાગરખેડુ ક્રેડિટ કાર્ડ લાવીને માછીમારોને આર્થિક લાભ પહોંચાડશે. માછીમારો માટે આધુનિક બોટ ખરીદવા માટે સબસીડી આપવામાં આવશે, જેના મારફતે દરિયામાં દૂર સુધી જઇ માછીમારી કરીને તેઓ એક્સપોર્ટ કરી શકશે. ૧૦ હજાર કરોડની મત્સ્ય યોજના લાવવા માટે અમે પહેલ કરી છે.

વડાપ્રધાનશ્રીએ દેશમાં પહેલી વખત મતદાન કરવા જતાં દરેક નવયુવાનને હાકલ કરી જણાવ્યુ હતુ કે, ૨૧મી સદીના નવા ભારતના નિર્માણ અર્થે અવશ્ય મતદાન કરવા માટે અપીલ કરી હતી અને જણાવ્યું હતું કે, દેશહિતને ધ્યાનમાં રાખીને ‘‘તમારો વોટ - સબળ ભારતના નિર્માણ માટે’’, ‘‘તમારો વોટ - સક્ષમ ભારતના નિર્માણ માટે’’, ‘‘તમારો વોટ - શક્તિશાળી ભારતના નિર્માણ માટે’’ ‘‘તમારો વોટ - દેશની સેનાની સુરક્ષા માટે’’ અનિવાર્ય છે.

દેશના પ્રધાનસેવક શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કહ્યુ હતુ કે, દેશમાં ગરીબી, બેકારી, ભ્રષ્ટાચાર, અન્યાય, કુરિવાજો સામે લડવાવાળો પ્રત્યેક નાગરિક ચોકીદાર છે, ઉજ્જવળ ભારતના નિર્માણ માટે આવો આપણે સૌ દેશના ચોકીદાર બની સક્ષમ અને સમૃધ્ધ ભારતના નિર્માણમાં સહયોગી બનીએ.

દેશનો પ્રત્યેક નાગરિક જો પોતાને દેશનો ચોકીદાર ગણે તો આ દેશમાંથી ભ્રષ્ટાચારીઓએ ઉચાળા ભરવા પડશે આટલું જણાવીને ભારત માતા કી જય અને વંદે મારતમ્ ના નારા સાથે સભાનું સમાપન કર્યુ હતુ.

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના જુનાગઢ ખાતે જંગી જનસભાના સંબોધન પ્રસંગે મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, કેન્દ્રીય મંત્રીશ્રી મનસુખભાઇ માંડવીયા, જુનાગઢ બેઠકના ઉમેદવાર શ્રી રાજેશભાઇ ચુડાસમાં, અમરેલી બેઠકના ઉમેદવાર શ્રી નારણભાઇ કાછડીયા, રાજકોટ બેઠકના ઉમેદવાર શ્રી મોહનભાઇ કુંડારીયા, પોરબંદર બેઠકના ઉમેદવાર શ્રી રમેશભાઇ ધડુક, માણાવદર વિધાનસભા બેઠકના ઉમેદવાર શ્રી જવાહરભાઇ ચાવડા સહિત ભાજપાના અગ્રણીશ્રીઓ, આગેવાનો, હોદ્દેદારો, જીલ્લા પ્રમુખ-મહામંત્રીશ્રીઓ, સમર્થકો તથા લાખોની સંખ્યામાં કાર્યકરો અને સ્વંભૂ પ્રજાજનો ઉપસ્થિત રહ્યા હતા.

**(પ્રશાંત વાળા)**
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૨ તા. ૧૦.૦૪.૨૦૧૯

**મહાત્મા ગાંધી અને સરદાર પટેલની આ ધરતીને**
**આપણે દેશ અને દુનિયામાં એક આગવી દિશામાં લઇ જવામાં સફળ થયાં છીએ**
**- શ્રી નરેન્દ્રભાઇ મોદી**

-----------

**સરદાર સાહેબે એક ભારત શ્રેષ્ઠ ભારતની કલ્પના કરી હતી - શ્રી નરેન્દ્રભાઇ મોદી**

-----------

**દેશની અંદર બે પ્રધાનમંત્રી હોય તે વાત દેશની જનતાને મંજૂર નથી - શ્રી નરેન્દ્રભાઇ મોદી**

-----------

**ડો. શ્યામાપ્રસાદ મુખરજીએ કહ્યું હતું કે, આ દેશમાં બે પ્રધાન અને બે સંવિધાન કોઇપણ સંજોગોમાં ચાલી ન શકે**
**- શ્રી નરેન્દ્રભાઇ મોદી**

-----------

**આજ સુધીમાં ભાજપા સામે કોઇએ પણ ભ્રષ્ટાચારનો કોઇપણ જાતનો આરોપ લગાવ્યો નથી**
**- શ્રી નરેન્દ્રભાઇ મોદી**

-----------

**કોંગ્રેસનો એક જ મુદો છે કે, મોદી હટાવો.... મોદી હટાવો....**
**જ્યારે ભાજપાનો એક જ મુદો છે, ગરીબી હટાવો, બેકારી હટાવો, ભ્રષ્ટાચાર હટાવો**
**- શ્રી નરેન્દ્રભાઇ મોદી**

-----------

**કિસાન સન્માન નીધિ યોજનાનો લાભ દેશના ૩ કરોડ ખેડૂતો સુધી પહોંચી ગયો છે**
**હવે આ યોજના હેઠળ દેશના તમામ ખેડૂતોને સમાવવાની કાર્યવાહી કરવામાં આવશે. - શ્રી નરેન્દ્રભાઇ મોદી**

-----------

**આપના મતની કિંમત સમજી એવા ઉમેદવારને પસંદ કરજો કે, જે દેશને મજબૂત, સબળ અને સક્ષમ સરકાર આપી શકે. રાષ્ટ્રની રક્ષામાં પાછીપાની ન કરે, દેશના યુવાનોનું ઉજ્વળ ભવિષ્ય બનાવી શકે. આપનો એક મત દેશહિત માટે ખૂબ જ જરૂરી છે - શ્રી નરેન્દ્રભાઇ મોદી**

-----------

આજરોજ ગુજરાતના સપૂત - આદિવાસીઓના બેલી અને વિશ્વભરમાં ભારત દેશનો ડંકો વગાડનાર આપણા લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી ગુજરાતના વિજળીવેગે પ્રવાસમાં છે, ત્યારે સોનગઢ ખાતે એક વિશાળ જનમેદનીનું સંબોધન કર્યું હતું.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ જણાવ્યું હતું કે, આપણે મહાત્મા ગાંધી અને સરદાર પટેલની આ ધરતીને દેશ અને દુનિયામાં એક આગવી દિશામાં લઇ જવામાં સફળ થયાં છીએ. સરદાર સાહેબે એક ભારત શ્રેષ્ઠ ભારતની કલ્પના કરી હતી. જ્યારે દેશના રજવાડાઓને એકત્રીત કરવામાં આવ્યાં ત્યારે નહેરૂજીએ શ્રી સરદાર સાહેબને કહ્યું હતું કે, કાશ્મીરનો પ્રશ્ન મારા પર છોડી દો. આજે કાશ્મીરની પરિસ્થિતિ શું છે, તે આપણે સૌ જાણીએ છીએ. કાશ્મીરમાંથી એક એવો અવાજ ઉઠ્યો છે કે, અમને એક અલગ વડાપ્રધાન જોઇએ. આ દેશની અંદર બે પ્રધાનમંત્રી હોય તે વાત દેશની જનતાને મંજૂર નથી. ડો. શ્યામાપ્રસાદ મુખરજીએ કહ્યું હતું કે,આ દેશમાં બે પ્રધાન બે સંવિધાન કોઇપણ સંજોગોમાં ચાલી ન શકે. શ્રી સરદાર સાહેબ કોંગ્રેસને આંખમાં કણાની જેમ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



ખૂંચતા હતાં, ત્યારબાદ મોરારજીભાઇ દેસાઇ અને અત્યારે તેઓ મને સહન કરી શકતાં નથી. કોંગ્રેસ મનમાં ગાંઠ વાળીને બેઠી છે કે, કોઇપણ હિસાબે મોદીને પતાવી દો. મને તો ગુજરાતે ઘડ્યો છે, તો હું ક્યાંથી ગાંજ્યો જાઉ.

પાડોશમાંથી આતંકવાદ એક્સપોર્ટ કરવામાં આવે છે. કોંગ્રેસનો ચૂંટણી ઢંઢેરો સરદાર સાહેબની વિચારધારાથી વિપરીત છે. પાકિસ્તાન સુરક્ષાબળો સામે બેફામ નિવેદનો કરે છે ત્યારે કોંગ્રેસ પણ એવા જ નિવેદનો કરીને તેમના સૂરમાં સૂર મિલાવે છે. દેશના ટુકડે ટુકડા કરનારી ગેંગ દેશદ્રોહી ન કહેવાય તો શું કહેવાય ? કોંગ્રેસ કહે છે કે, જો અમે સત્તામાં આવીશું તો રાષ્ટ્રદ્રોહનો કાયદો કાઢી નાંખીશું. સેનાના અધિકારી પર સરકારની પરવાનગી વગર કાનૂની કાર્યવાહી કરવાની છૂટ આપીશું. દેશની જનતા સામે કોંગ્રેસ તેના ચૂંટણી ઢંઢેરામાં આવા પ્રકારના રાષ્ટ્રવિરોધી વચનો આપી યેનકેન પ્રકારેણ વોટબેંકની રાજનીતિ કરી સત્તા હાંસલ કરવા મથી રહી છે, ત્યારે કોંગ્રેસ રાષ્ટ્રવિરોધી ગણી શકાય કે નહીં તે આ દેશની જનતાએ નક્કી કરવાનું છે. પહેલાં દેશમાં આતંકવાદી હુમલાઓ થતાં હતાં. આપણાં ગુજરાતમાં પણ જ્યારે હું મુખ્યમંત્રી હતો ત્યારે આતંકી હુમલાઓ થયા છે, ત્યારે મેં આતંકવાદીઓના સ્લીપરસેલને ખતમ કરવાનું સૌ પ્રથમ કામ કર્યું હતું, જેના પરિણામે આજે પણ ગુજરાતની જનતા સલામતીનો અનુભવ કરી, એકતાથી, સદભાવનાથી રહે છે. હાલ, મેં દેશના પ્રધાનમંત્રી તરીકે આ જ કામ કરવાનુ ચાલુ રાખ્યું છે, કારણ કે, મારા ગુજરાતની જેમ મારા દેશની જનતા પણ સુખ, સમૃધ્ધિ, સલામતી, એકતા અને સદભાવનાથી તેઓનું જીવન વ્યતિત કરી શકે.

દેશમાં હાલ બે પ્રકારના કેન્સર ચાલી રહ્યાં છે, એમાં એક તો આતંકવાદ છે, આતંકવાદ કોંગ્રેસના શાસન દરમ્યાન વકર્યો, જેને ભાજપા જડમૂળથી ખતમ કરવાની દિશામાં કાર્ય કરી રહી છે, જ્યારે કોંગ્રેસ અને તેમના સમર્થક પક્ષો આતંકવાદને અને આતંકવાદના આકાઓનું પોષવાનું તથા તેમના ચૂંટણી ઢંઢેરા મારફતે દેશની જનતા સમક્ષ આવા વચનો આપી ખુલ્લું સમર્થન કરવાનું કાર્ય કરી રહી છે. જે લોકોને દેશની સેના અને તેના પરાક્રમ પર વિશ્વાસ ન હોય, સેનાના શૌર્યના સબૂત માંગતા હોય, અને પાકિસ્તાનની ભાષા બોલતા હોય તેવા લોકોને ઓળખી લેવાનો સમય આવી ગયો છે. જ્યારે બીજા પ્રકારનું કેન્સર એ ભ્રષ્ટાચાર છે. ૨૦૧૪ પહેલાં કોંગ્રેસના કુશાસન દરમ્યાન ભ્રષ્ટાચાર દરેક ક્ષેત્રમાં થતો હતો. પરિણામે ગરીબો વધુ ગરીબ બન્યાં હતાં. બેરોજગારોની ફોજ પણ આવા ભ્રષ્ટાચારના કારણે તેમના જ શાસનમાં ઉભી થયેલી છે. ચોકીદાર ચોર છે, તેવું કહેનારાઓના મળતીયાઓ પાસેથી ભોપાલમાંથી કોથળા ભરીને કાળાનાણાં પકડાય છે, તો ચોર કોણ છે ? મધ્યપ્રદેશમાં કોંગ્રેસની સરકાર બન્યે હજી ગણત્રીના જ મહિનાઓ થયાં છે, ત્યાં તો તેઓ પોતાની જુની આદત ઉપર ઉતરી આવ્યાં અને આટલું બધુ ભેગું કરી નાંખ્યું, જો હવે દેશનું સુકાન માત્ર પાંચ મીનીટ માટે તેમને સોંપવામાં આવે તો તે દેશનું ભલે કરે કે પોતાનું ભલું કરે ? છેલ્લાં પાંચ વર્ષમાં આપણી સામે ભ્રષ્ટાચારનો આરોપ લગાવવાનો મોકો કોઇને આપ્યો નથી.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ વધુમાં જણાવ્યું હતું કે, છ મહિના પહેલાં બધી પાર્ટીઓ એક જ મંચ ઉપર ભેગી થઇ, હાથમાં હાથ મિલાવી, મોદીને પાડી દેવાની વાતો કરે છે. તેઓનો એક જ મુદો છે કે, મોદી હટાવો.... મોદી હટાવો.... જ્યારે ભાજપાનો એક જ મુદો છે, ગરીબી હટાવો, બેકારી હટાવો, ભ્રષ્ટાચાર હટાવો. આજે આદિવાસી, ગરીબ, વંચિત, પિડીત, શોષીત દરેકના મોઢે એક જ વાત છે, કોંગ્રેસ હટાવો, ગરીબી આપોઆપ હટી જશે. ભાજપા આગામી લોકસભા ચૂંટણીમાં ખેડૂતોને ૨૦૨૨ સુધીમાં તેમની આવક બે ગણી કરવા તથા ખેડૂતો ખેતીની સાથે સોલાર પેનલ નાંખી વિજળી ઉત્પન્ન કરી, વિજળી વેચીને તેમાંથી આવક ઉત્પન્ન કરી શકે તેવા સંકલ્પ સાથે આગળ વધી રહી છે. કિસાન સન્માન નીધિ યોજના હેઠળ નાના ખેડૂતોને વર્ષમાં ત્રણ વખત રૂ. ૨૦૦૦ આપીને તેમાંથી કૃષિને લગતાં ખાતર, બીજ, દવાઓ વગેરેની ખરીદી કોઇની પાસે દેવું કર્યા સિવાય કરી શકે છે. આ કિસાન સન્માન નીધિ યોજનાનો લાભ દેશના ૩ કરોડ ખેડૂતો સુધી પહોંચી ગયો છે, ત્યારે આગામી તા. ૨૩મી મે, ૨૦૧૯ પછી કેન્દ્રમાં એન.ડી.એ.ની સરકાર બન્યાં બાદ આ યોજના હેઠળ દેશના તમામ ખેડૂતોને સમાવવાની કાર્યવાહી કરવામાં આવશે.

વડાપ્રધાનશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, દેશમાં પહેલા એવો કાયદો હતો કે, જો તમે વાંસ કાપો તો તમારે જેલમાં જવું પડે, આપણે નક્કી કર્યું કે, વાંસ એ ઝાડ નથી પરંતુ છોડ છે, તેને કાંપવાથી કોઇ નૂકશાન થતું નથી, અને ફરીથી તે છોડ ઉછરે છે. આદિવાસીઓને વાંસમાંથી આવક મળી રહે તે માટે આ કાયદાને દૂર કરવામાં આવ્યો છે.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



કોંગ્રેસ મધ્યમ વર્ગની દુશ્મન છે. અત્યાર સુધી મધ્યમવર્ગની માંગ હતી કે, ઈન્કમટેક્ષમાં પાંચ લાખ સુધીની આવક ઉપર કોઈપણ જાતનો ટેક્ષ લેવામાં ન આવે. કોંગ્રેસના કુશાસન દરમ્યાન મધ્યમવર્ગની આ માંગ સ્વિકારવાનું એક બાજુએ રાખી જાણે કે, પડતાં પર પાટુ મારવાની જેવી પરિસ્થિતિ કરી તેમના ઉપર વધુ પ્રમાણમાં વેરા નાંખવામાં આવ્યાં અને આ વેરાઓની રકમ પોતાની વોટબેંક પાછળ ખર્ચ કરવામાં આવતી હતી. જ્યારે ૨૦૧૪ પછી એન.ડી.એ. સરકાર દ્વારા મધ્યમવર્ગની માંગને સ્વિકારી પાંચ લાખ સુધીની આવક પર કોઈપણ પ્રકારનો ટેક્ષ નહીં લેવાનું નક્કી કર્યું.

૨૧મી સદીમાં જન્મેલા, આજના યુવાનો આ ચૂંટણીમાં પહેલી વખત મતદાન કરવા જઈ રહ્યાં છે, તેમને અપીલ કરતાં જણાવ્યું હતું કે, આપના મતની કિંમત સમજી એવા ઉમેદવારને પસંદ કરજો કે, જે દેશને મજબૂત, સબળ, અને સક્ષમ સરકાર આપી શકે. રાષ્ટ્રની રક્ષામાં પાછીપાની ન કરે, દેશના યુવાનોનું ઉજ્વળ ભવિષ્ય બનાવી શકે. આપનો એક મત દેશહિત માટે ખૂબ જ જરૂરી છે.

વડાપ્રધાનશ્રીની સોનગઢ ખાતેની આ વિશાળ જનસભામાં ભાજપાના પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઈ વાઘાણી, પ્રભારી શ્રી ઓમજી માથુર, પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી ભીખુભાઈ દલસાણીયા, બારડોલી સાંસદ અને ઉમેદવાર શ્રી પ્રભુભાઈ વસાવા, વલસાડ લોકસભા બેઠકના ઉમેદવાર ડો. કે.સી.પટેલ, ભરૂચ લોકસભા બેઠકના ઉમેદવાર શ્રી મનસુખભાઈ વસાવા, રાજ્યના મંત્રી શ્રી ઈશ્વરભાઈ પરમાર, શ્રી ઈશ્વરસિંહ પટેલ, શ્રી રમણલાલ પાટકર, જિલ્લા સંગઠનના હોદેદારશ્રી, પદાધિકારીશ્રીઓ અને વિશાળ સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતાં.

**(પ્રશાંત વાળા)**
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૩ તા. ૧૦.૦૪.૨૦૧૯

-----------

# આગામી દિવસોમાં ભાજપાના કેન્દ્રીય મંત્રીશ્રીઓ અને ભાજપા શાસિત રાજ્યોના મુખ્યમંત્રીશ્રીઓ ભાજપાના ઝંઝાવાતી પ્રચાર અર્થે ગુજરાતના પ્રવાસે

-----------

ભાજપા મીડિયા સેલની અખબારી યાદી જણાવે છે કે, વર્તમાન લોકસભા ચૂંટણી અંતર્ગત ભાજપાના શિર્ષસ્થ નેતૃત્વ અને સ્ટાર પ્રચારકો દ્વારા સમગ્ર ભારતમાં ચૂંટણી પ્રચાર વેગવંતો બન્યો છે. આ તબક્કે ગુજરાતની જુદી જુદી લોકસભા સીટના ઉમેદવારોના સમર્થનમાં નીચે મુજબના કેન્દ્રીય મહાનુભાવો અને ભાજપા શાસિત રાજ્યોના મુખ્યમંત્રીશ્રીઓ પ્રચાર-પ્રસાર માટે ગુજરાતનો પ્રવાસ ખેડવાના છે.

આગામી તારીખ ૧૨ થી ૧૯ એપ્રિલ, ૨૦૧૯ દરમ્યાન આ ઝંઝાવાતી પ્રચારમાં કેન્દ્રીય મંત્રીશ્રીઓ શ્રી રાજનાથસિંહજી, શ્રી નીતિન ગડકરીજી, શ્રીમતી સુષ્મા સ્વરાજજી, નિવૃત્ત જનરલ શ્રી વી.કે.સિંહજી, શ્રીમતી સ્મૃતિ ઈરાનીજી, મહારાષ્ટ્રના મુખ્યમંત્રીશ્રી દેવેન્દ્ર ફડણવીસજી, ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રીશ્રી યોગી આદિત્યનાથજી, મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રીશ્રી શીવરાજસિંહ ચૌહાણ સામેલ થશે.

| ક્રમ | તારીખ | મહાનુભાવોના નામ |
|---|---|---|
| ૧. | ૧૨.૦૪.૨૦૧૯ (શુક્રવાર) | શ્રી રાજનાથસિંહજી |
| ૨. | ૧૪.૦૪.૨૦૧૯ (રવિવાર) | શ્રી દેવેન્દ્ર ફડણવીસજી |
| ૩. | ૧૪.૦૪.૨૦૧૯ (રવિવાર)<br>૧૫.૦૪.૨૦૧૯ (સોમવાર) | શ્રી વી.કે.સિંહજી |
| ૪. | ૧૬.૦૪.૨૦૧૯ (મંગળવાર) | શ્રી શીવરાજસિંહ ચૌહાણ |
| ૫. | ૧૭.૦૪.૨૦૧૯ (બુધવાર) | શ્રીમતી સ્મૃતિ ઈરાનીજી |
| ૬. | ૧૮.૦૪.૨૦૧૯ (ગુરુવાર) | શ્રીમતી સુષ્મા સ્વરાજ |
| ૭. | ૧૮.૦૪.૨૦૧૯ (ગુરુવાર) | શ્રી યોગી આદિત્યનાથજી |
| ૮. | ૧૯.૦૪.૨૦૧૯ (શુક્રવાર) | શ્રી નીતિન ગડકરીજી |

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ